શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

૪૨૫, ઈલીનોઈઝ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯
Phone : (847) 490 JALA(5252) Fax : 847 519 2215

એપ્રિલ - ૨૦૨૧ વર્ષ - ૧૧ અંક - ૪૨

## :Program:

**Ram Navmi**
Wednesday, April. 21
Time: 11:00am

**Ram Navmi Celebration**
Sunday, April. 25

**Ram Dhun**
Time: 8:00-10:00am

**Mahotsav Puja**
10:30am - 12:00Noon

**Hanuman Jayanti**
Tuesday, April. 27
Sundarkand Path
Time: 8:00pm

**21 Hanuman Chalisa Path**
Saturday, May. 1
Time: 4:00pm

**Vat Savitri Puja**
Tuesday, May. 25
Time: 4:30-6:30pm

**Samuh Satyanarayan Katha**
Sunday, June. 13
Time: 4:30-6:30pm

## *President's Massage*

જય જલારામ,

આપ સર્વેને રાજેન્દ્ર ઠક્કરના જય જલારામ. આપ સર્વે કુશળ હશો. શ્રી જલારામ મંદિર આપની કુશળતા ચાહે છે.

આપણે જાન્યુઆરી થી માર્ચ દરમ્યાન પૂજ્ય જલાબાપાની પુણ્યતિથિ, મહાશિવરાત્રી અને હોળીના પ્રસંગો ખૂબ જ સાદાઈથી થોડા યજમાનની હાજરીમાં ઉજવ્યા.

Covid-19 ની પરિસ્થિતિમાં સરકારી નિયમોને અનુસરવા માટે આપણે મંદિર બંધ રાખેલ અને પછી ક્રમશઃ ગુરુવાર પછી શનિવાર તથા રવિવાર, મંદિર થોડા કલાકો માટે દર્શન માટે ખુલ્લું મૂકેલું. અને એપ્રિલ માસથી મંદિર મર્યાદિત કલાકો માટે આખું અઠવાડિયું ખુલ્લું રાખવામાં આવશે, જેથી ભક્તજનો દર્શનનો લાભ લઈ શકે અને 18 માર્ચથી મંદિર માં ઓન લાઈન ભજન પણ શરુ કરવામાં આવેલ છે. આપણે દર્શનાર્થીઓ માટે સરકારી નિયમોને અનુસરતા ક્રમશઃ છૂટછાટ આપવામાં આવેલી છે.

શ્રી જલારામ મંદિર તરફથી મંદિરના

ભકતજનો અને મંદિરના સ્વયંસેવકો માટે Covid vaccineનો પ્રોગ્રામ એપ્રિલ માસમાં રાખવામાં આવેલ હતો.

શ્રી જલારામ મંદિર તરફથી સમાજ પ્રત્યેની ફરજરૂપે રક્તદાન શિબિરનું મેં માસમાં આયોજન કરવામાં આવેલ છે અને આપ સર્વેને નમ્ર અપીલ છે આપ પણ તેમાં જોડાવ.

આગામી સમયમાં રામનવમી, હનુમાન જયંતિનો તહેવાર આવશે તે પણ વર્તમાન સંજોગોને લઈને સાદગીથી ઉજવવો પડશે તો આપણે યજમાન સેવાનો લાભ લેવો હોય તો મંદિરનો સંપર્ક કરવા વિનંતી છે.

મંદિરનો પાટોત્સવ મહોત્સવ અને સમૂહ સત્યનારાયણ ભગવાનની કથા પણ આગામી સમયમાં આવશે, જે આપણે સરકારી નિયમો અનુસર ઉજવવાનો રહેશે. આશા રાખીએ કે આ પ્રસંગ આપણે રાબેતા મુજબ ઉજવી શકીએ. પાટોત્સવ મહોત્સવમાં આપને યજમાન સેવા આપવી હોય તો મંદિરનો સંપર્ક કરવા વિનંતી છે.

આગામી સમયમાં 4th July પણ ઉજવનાર છીએ તો તેમાં પણ ભાગ લેવા વિનંતી છે.

આપને કોઈ પરચા જલારામબાપા વિષે હોય તો મંદિરમાં લખી મોકલવા વિનંતી છે.

વધુમાં, આપણે મંદિરનું રસોડું ચાલુ કરી દીધેલ છે અને હાલમાં નાસ્તા અને મીઠાઈ બનાવી વિતરણ કરીએ છીએ. જો આપને કોઈ પ્રસંગ માટે નાસ્તા અને મીઠાઈની જરૂર હોય તો અમોને જણાવશો તો આપની જરૂરીયાત મુજબ બનાવી આપીશું. અને મંદિરનો Hall પણ ભાડે આપીએ છીએ અને કેટરિંગ પણ કરવામાં આવે છે તો તેનો પણ લાભ લેવા વિનંતી છે.

જો આપને મંદિરમાં સ્વયંસેવક તરીકે સેવા આપવી હોય તો પણ મંદિરનો સંપર્ક કરવા વિનંતી છે.

આપના બાળકોને ગુજરાતી ભાષા, સાહિત્ય શીખવા માટે પણ મંદિરના કલાસમાં જોડાવવા વિનંતી છે.

શ્રી જલારામ મંદિર આપની કુશળતા ઈચ્છે છે.

આભાર સહ... જય જલારામ!!

# ॥ નિ:સ્વાર્થ સેવા ॥

**સંકલન - ધર્મેન્દ્રભાઈ પંડયા**

આખો દિવસ મહાભારત ના યુધ્ધના મેદાનમાં ઝઝૂમ્યા પછી મહારાજ યુધિષ્ઠિર સૂર્યાસ્ત થયા બાદ વેશપલટો કરીને કુરૂક્ષેત્રમાં જતા હતા. રણમેદાનમાં ચીસો પાડતા અને ઘાયલ થયેલા સૈનિકોની સેવા-સુશ્રુષા કરતા હતા.

એક દિવસ એમના લઘુબંધુ સહદેવની એમના પર નજર પડી. સહદેવે યુધિષ્ઠિરને વેશ પરિવર્તન કરતા જોયા. એમણે સંકોચ સાથે પૂછ્યું, "ભ્રાતાશ્રી, આ આપ શું કરો છો? શા માટે રૂપ બદલો છો? આખી પ્રજા આપના જેવા સત્યનિષ્ઠ થવાનું વિચારે છે અને આપ કેમ આવો વેશપલ્ટો કરો છો?

યુધિષ્ઠિરે જવાબ આપ્યો, "આ રીતે વેશપલ્ટો કરીને હું રોજ રાત્રે કુરૂક્ષેત્રના મેદાનમાં જાઉં છું."

સહદેવે અપાર આશ્ચર્યથી પૂછ્યું, "કુરૂક્ષેત્રના મેદાનમાં? સૂર્યાસ્ત સમયે યુધ્ધનો અંત આવે છે તો પછી ત્યાં જવાનું પ્રયોજન શું?"

યુધિષ્ઠિરે કહ્યું, " યુધ્ધના મેદાનમાં ઘાયલ સૈનિકોની સેવા સુશ્રુષા માટે જાઉં છું."

"પણ આવું કરો છો શા માટે? ત્યાં તો શત્રુના સૈનિકો પણ હોય ને?

યુધિષ્ઠિરે કહ્યું, "સહદેવ, દુઃખી અને પીડિત હોય ત્યાં શત્રુ અને મિત્રનો ભેદ ન હોય. બધા જ સમાન છે. સેવા એ જ સહુથી મહાન છે."

સહદેવે પ્રતિ પ્રશ્ન કર્યો, "સેવા કરવાના ક્યાં ઓછા સ્થાન છે? આપ આખો દિવસ યુધ્ધ ખેલીને ખૂબ થાકી ગયા હો છો. જેમનો દિવસ યુધ્ધના મેદાનમાં સંહાર કરવાનો વિચાર કર્યો હોય એવા શત્રુઓના સૈનિકોની રાત્રે સેવા કરવાની હોય?"

યુધિષ્ઠિરે કહ્યું, "સહદેવ, ભલે આપણે યુધ્ધ ખેલતા હોઈએ, એકબીજાને પરાસ્ત કરવા માટે અથાગ પ્રયત્ન કરતા હોઈએ, પરંતુ યુધ્ધમાં પણ ધર્મની મર્યાદાનું પાલન કરવું જોઈએ. માનવસેવા એ જ સૌથી મોટો ધર્મ છે."

સહદેવ યુધિષ્ઠિરના ઉદાર હૃદયની ભાવના તરફ મનોમન વંદન કરવા લાગ્યા. એક શંકા જાગતા એમણે સવાલ કર્યો, "આ બધું તો બરાબર, પરંતુ તમે વેશપલ્ટો કરીને શા માટે ઘાયલોની સેવા કરવા જાવ છો?"

યુધિષ્ઠિરે કહ્યું, "જો હું વેશ બદલું નહિ તો સૈનિકો મારી સેવા સ્વીકારે નહીં. હું

સેવા કરવા જાઉં તો ઇન્કાર કરે અને મારી સેવા લેતા અપાર શરમ અને સંકોચ અનુભવે. આથી હું વેશપલટો કરું છું."

યુધિષ્ઠરની ભાવનામાં સેવાનો પરમ આદર્શ નિહાળી શકાય છે. એ સેવામાં નિર્વ્યાજ અને નિસ્પૃહ સેવાવૃત્તિ છે.

## ॥ જ્ઞાન યોગ ॥

**સંકલન - કેયુરભાઈ સેવક**

જ્ઞાની પુરુષોએ કર્મોમાં આસક્તિવાળા અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભ્રમ પેદા કરવો ન જોઈએ અર્થાત સ્વરૂપસ્થ મહાપુરુષ ધ્યાન આપે કે તેમના કોઈ આચરણથી તેમને અનુસરનારાઓના મનમાં કર્મ પ્રત્યે અશ્રધ્ધા ઉત્પન્ન ન થઇ જાય. પરમાત્મ તત્વથી સૈયુક્ત મહાપુરુષ પણ પોતે સારી રીતે નિયત કર્મ કરતા રહી અન્ય લોકોને કર્મ કરાવે.

આ જ કારણ હતું કે "પૂજ્ય મહારાજ" વૃધ્ધાવસ્થામાં પણ રાત્રે એક કે બે વાગ્યે ઉઠીને બેસી જતા અને ઉધરસ ખાતા. ત્રણ વાગે બોલવા લાગતા, "ઉઠો! માટીના પૂતળાંઓ!" સૌ ઉઠીને ચિંતનમાં લાગી જાય. તો પોતે થોડું સૂઈ જાય. થોડી વાર પછી ઉઠીને બેસી જાય અને કહે - "તમે લોકો વિચારતા હશો કે મહારાજ સૂઈ ગયા છે, બેસવામાં કષ્ટ થાય છે, તેથી હું પડયો રહું છું, પરંતુ તમારે તો સ્થિર અને સીધા બેસીને ચિંતનમાં લાગી જવાનું છે. જ્યાં સુધી તેલની ધારની જેમ શ્વાસની દોરી ન લાગી જાય, ક્રમ ન તૂટે, અન્ય સંકલ્પ વચમાં વ્યવધાન ઉત્પન્ન ન કરી શકે, ત્યાં સુધી સતત લાગી રહેવું એ સાધકનો ધર્મ છે. મારો શ્વાસ તો વાંસની જેમ સ્થિર છે. આ જ કારણ છે કે અનુયાયીઓ દ્વારા કરાવવા માટે તે મહાપુરુષ સારી રીતે કર્મનું આચરણ કરે છે. " जिस गुन को सिखावै, उसे करके दिखावै".

આ રીતે સ્વરૂપસ્થ મહાપુરુષે પણ પોતે કર્મ કરતા રહી સાધકોને પણ આરાધનામાં લગાડવા જોઈએ. સાધક પણ આરાધનામાં પરોવાય; પરંતુ તે ભલે જ્ઞાનયોગી હોય અથવા સમર્પણ ભાવવાળા નિષ્કામ કર્મયોગી હોય, સાધકમાં સાધનાનો અહંકાર ન આવવો જોઈએ, કર્મ કોના દ્વારા થાય છે, તે થવામાં કારણ છે? આના પરથી શ્રીકૃષ્ણ પ્રકાશ પાડે છે.

# ॥ "આપણા સૌના જલાબાપા" ॥



**સંકલન** - જલારામ મંદિર સ્વયંસેવક

"ૐ શ્રી જલારામાય નમઃ"

"જલારામં અહં વન્દે, વીરપુર નિવાસીનં,
યસ્ય કૃપા પ્રસાદેન, પૂર્ણા સન્તિ મનોરથાઃ"

"રામ નામ મેં લિન હૈ, દેખત સબ મેં રામ,
તાકે પદ વંદન કરું, જય જય શ્રી જલારામ"

"નામ જપો જલિયાણનું, ને કષ્ટ કરે સૌના નાશ,
ભક્તોની વ્હારે ચઢે, રાખો દૃઢ વિશ્વાસ"

આપણા સૌની સ્વર્ગભૂમિ ભારતમાતાની વાત ન્યારી છે. એમાં પણ મહેમાનગતિની વાતમાં કાઠીયાવાડ, સૌરાષ્ટ્રની વાત અનેરી છે. 'અતિથિ દેવો ભવ' ના વાસ્તવિક અર્થની જ્યાં અનુભૂતિ થાય છે, તેવી સૌરાષ્ટ્રની ધરતી માટે લખાયું છે કે,

"અમારા કાઠીયાવાડમાં કોક દિ ભૂલો પડ ભગવાન, ને થા મારો મહેમાન, તો તને સ્વર્ગ ભૂલાવું શામળા. ધન ધન કાઠીયાવાડ, ને ધન ધન તારું નામ, પાકે જ્યાં નરબંકા ને રૂપ પદમણી નાર, નેક, ટેક ને ધરમની, આયાં તો પાણે પાણે વાત, સંત ને શૂરા નિપજાવતી, અમારી ધરતીની અમીરાત."

સતયુગમાં અનેક દાનવીર થઇ ગયાની વાતો આપણે જાણીએ છીએ. તેમાં પણ સર્વ શ્રેષ્ઠ દાનવીર કર્ણની વાત પણ જાણીએ છીએ, કે જેણે દાનમાં પોતાના કાનના કુંડળ અને જીવનરક્ષક એવા કવચ પણ આપી દીધા હતા. અરે, તેનાથી પણ આગળ, દાનવીર કર્ણે મૃત્યુ શૈયા પર પોતાના જીવનના છેલ્લા શ્વાસ લઇ રહ્યા હતા ત્યારે કસોટી કરવા આવેલા ભગવાન શ્રી કૃષ્ણને પોતાનાં દાંતમાં રહેલા સોનાને પત્થર વડે તોડી દાનમાં આપી દીધા હતા અને તેમની કસોટીમાં વિજેતા પૂરવાર થયા હતા, પણ આપણે તેનાથી પણ બે ડગલાં આગળ એવા દાનવીરની વાત જે સતયુગમાં નહીં પણ કળિયુગમાં બની છે, તેની, વાત કરવાની છે.

મહાભારતના યુધ્ધમાં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતા કહે છે કે, 'આત્મા અમર છે, આત્મા અજન્મ, નિત્ય, સનાતન અને અવિકારી છે. આત્માને જળ ભીંજવી શકતું નથી, વાયુ સુકવી શકતો નથી, અગ્નિ બાળી

શકતો નથી કે શસ્ત્રો છેદી શકતા નથી.'

ભગવાન શ્રી કૃષ્ણના આ શબ્દોનો આજે પણ સાક્ષાત્કાર થાય છે. સમગ્ર વિશ્વમાં જુદા જુદા સ્થળે અને સમયે જુદા જુદા સ્વરૂપે ચિત્ર પ્રતિમા કે મૂર્તિ પ્રતિમામાં જેમનો આત્મા સૌ ભક્તોને અનુભૂતિ કરાવી રહ્યો છે અને આર્શીવાદ આપી રહ્યો છે તેવા એક અમર આત્માની વાત કરવાની છે.

કાઠીયાવાડના એક ખૂંખાર ડાકુને જયારે પાણીની અત્યંત તરસ લાગી હતી ત્યારે એ ડાકુની ખૂંખારતા, ભયાનકતા અને ક્રુરતાની વાત જાણતી હોવા છતાં તેની ચિંતા કર્યા વગર આંગણે આવેલા અતિથિને આવકાર અને સમયની

સંયમતાને સમજી ગામની દિકરી પાણી પીવડાવે છે. અને એ ડાકુની તરસને તૃપ્ત કરે છે. ડાકુ સરદાર એ દિકરીને માંગ, માંગ, માંગે તે આપું, તેવુ વચન આપે છે. નાનકડી દિકરી તેનાથી પણ બે ડગલાં આગળ ચાલે છે અને ફક્ત એટલું જ માંગે છે કે "જીવનભર આ ડાકુગીરી છોડી સમાજ કલ્યાણનું કાર્ય કરો." અને આટલી વાતમાં જ જીવનભર ડાકુગીરી કરનાર એ ભયકંર ડાકુએ બાકીની જીંદગી ડાકુગીરી છોડી સમાજ કલ્યાણનું કાર્ય કર્યું તેવી ધરા કાઠીયાવાડની વાત કરવાની છે.

મા ભોમ, માતૃભૂમિ ભારતમાતાના રક્ષણ કાજે સરહદ ઉપર દુશ્મનોને પરાજય આપી દુશ્મનો સાથે લડતા લડતા હસતા મુખે શહીદી વહોરનાર, એ શૂરવીર પુત્રોને જન્મ આપનાર કાઠીયાવાડની ધરતીની વાત કરવાની છે.

એવા સંત, શૂરા અને નરબંકાને જન્મ આપનારી પવિત્ર ભૂમિ ઉપર જન્મેલા, ઉછરેલા અને દુનિયાભરમાં આજે પણ એ પવિત્ર ધામની યશગાથા ફેલાવનાર સંત શિરોમણી પ. પૂ. શ્રી જલારામબાપાની પવિત્ર ગાથા ગાવાની છે.

આપણા સૌના આરાધ્ય દેવ પ. પૂ. પ્રભુ શ્રી રામ, તેમના અનન્ય ભક્ત સંત શિરોમણી પ. પૂ. શ્રી જલારામબાપા, વંદનીય શ્રી સરસ્વતી દેવી અને શ્રી ગણપતિબાપાના અર્શીવાદ સાથે સૌ દેવી દેવતાઓના ચરણોમાં નમન કરી

"આપણા સૌના જલાબાપા" ના "જલારામ જીવન દર્શન" યાત્રાનો શુભારંભ કરીએ.

સૌરાષ્ટ્રમાં એક નાનકડું ગામ, નામ વિરપુર. આ ગામમાં લોહાણા, ઠક્કર જ્ઞાતિનો એક પરિવાર વસે. શ્રી પ્રધાન ઠક્કર અને તેમના ધર્મપત્નિ શ્રી

રાજબાઇ. અત્યંત ધાર્મિક અને દયાળુ સ્વભાવનું આ દંપતિ. ઈશ્વરમાં ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ. આંગણે આવેલા તમામ સાધુ સંતો કે અતિથિનો યોગ્ય આદર સત્કાર અને સેવા. સદાય મુખમાં રામ નામ તેમના જીવનનો જીવન મંત્ર.

એક વખતની વાત છે. તેમના આંગણે એક સંત પધાર્યા. લોહાણા દંપતિ માટે કશું જ નવું નહોતું. દર વખતની જેમ સંતની આગતા સ્વાગતા કરી ભોજન માટે બિરાજમાન કર્યા. એકાએક સંતના મુખેથી શબ્દો નીકળ્યા. "તમારે ત્યાં એક દિકરાનો જન્મ થશે, જે અનેરો હશે, તમારા કુળનું નામ રોશન કરશે. અરે! એટલું જ નહીં પરંતુ સમગ્ર રઘુકુળ વંશનો તારણહાર બની જગતમાં નામ ઝળહળતું કરશે."

આ દંપતિ તેમના આ શુભ વચનો સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા અને હસતા મુખે સંતના આર્શીવાદ લઈ તેમને વિદાય આપી.

"સંત અને વસંતમાં અનોખી સમાનતા છે. વસંત આવે ત્યારે પ્રકૃતિ સુધરી જાય છે અને સંત આવે ત્યારે સંસ્કૃતિ સુધરી જાય છે."

સમય વિતે છે. સંતના આર્શીવાદથી માતા રાજબાઈને કુખેથી દસમે માસે પુત્રનો જન્મ થાય છે. અને એ શુભ દિવસ હતો સંવત 1856, કારતક સુદ 7 ને સોમવાર, તા. 4 નવેમ્બર 1799. પ્રભુ શ્રી રામ જન્મ્યા હતા તે અભિજીત નક્ષત્રમાં પુત્રનો જન્મ થયો. સૌને આનંદ આનંદ થઈ ગયો.

પ્રભુ શ્રી કૃષ્ણનો જન્મ થયો કાળ કોટડીમાં તે પહેલા તેમને માં દેવકી અને પિતા વસુદેવને ઇશ્વરીય દર્શન કરાવી માતાના ગર્ભમાં બાળકરૂપી પ્રવેશ કર્યો હતો. અને માં રાજબાઈને કુખેથી જન્મ લઇ આ બાળકે જગતને ઈશ્વર દર્શન કરાવ્યા છે. આ બાળકના જન્મના 222 વર્ષ પછી પણ સમગ્ર વિશ્વમાં આકાશમાં ચમકતા ધ્રુવના તારાની જેમ જેમનું નામ અને કામ ચમકી રહ્યું છે. જેમના ફક્ત શ્રધ્ધા અને ભક્તિથી લીધેલા નામ સ્મરણથી સૌ કોઈ ભક્તોની યોગ્ય મનોકામના પૂર્ણ થાય છે. જેમણે દાનનો મહિમા સમજાવતી દાનની એવી સરવાણી વહાવી કે ખુદ પ્રભુને પણ કઠિનમાં કઠિન કસોટીમાં હરાવી દીધા. હા, તે જ "આપણા સૌના જલાબાપા".

શ્રી જલારામ બાપાના જન્મની જય હો. ક્રમશઃ

# ॥ ગાય પગલાં ॥

**સંકલન - રજનીકાંત મોદી**

સુરત જીલ્લો, કામરેજ તાલુકો. સુરતથી 23 કી. મી. ના અંતરે ઘોચાણ પારડી કરીને નાનકડું ગામ છે. એ ગામને તાપીના નીર સ્પર્શે છે. તાપીના નીરથી રોજ રોજ અભિષેક થતો, એ ગામની એક પવિત્ર જગ્યા છે, જે ગાય પગલાં તરીકે ઓળખાય છે.

આજે તો એ જગ્યા સમગ્ર જીલ્લામાં "ગાય પગલાં" તીર્થક્ષેત્ર નામે ઓળખાય છે. આ પવિત્ર જગ્યાની આસપાસમાં તાપી નદીમાં સ્નાન કેરી, કિનારા પાસે ભગવાન દત્તાત્રેયના મંદિરે પાપમોક્ષની પ્રાર્થના કરે છે. દત્ત જયંતિએ ગાય પગલાં તીર્થ ક્ષેત્રમાં હજારો યાત્રાળુઓ દર્શન કરી દેહને પવિત્ર કરે છે. દર માગશર મહિનાની સુદી-14ના દિવસે અનેક યાત્રાળુઓ આવતા હોવાથી વાતાવરણ અતિ મનોહર બની જાય છે અને મેળા જેવું દ્રશ્ય થઈ જાય છે.

દત્તાત્રેય ભગવાનનું મંદિર અને ગાયના પગલાં તીર્થધામની આસપાસ બીજા મંદિરો પણ આવેલા છે. કૃષ્ણ મંદિર, હિમાલયેશ્વર મહાદેવ, રામેશ્વર દાદાનું મંદિર. આ જગ્યાનો મહિમા એ કે અહીં જમીન ઉપરના પત્થરો પર અનેક ગાયોના પગલાં પડેલા સ્પષ્ટ પણે દેખાય છે. આ પગલાં શેના? તાપીનો ઇતિહાસ, તાપી પુરાણમાંથી જાણવા મળે છે. આ પગલાં સાચા છે. જ્યાં ગાયો આવે ત્યાં ગોવાળિયા અને ત્યાં કૃષ્ણ અને બલરામ પણ સાંભળી આવે. આ ગાય પગલાં તિર્થધામનો ઇતિહાસ આપણને છેક દ્વાપરયુગમાં પાછોલઇ જાય છે.

ગોકુળના ગોવાળિયા, નંદબાવાને ઘેર ગાયો ચરાવતા ને માખણ-મિસરી ખાતા ને જમુનાજીના કિનારે વાંસળી વગાડતા, એકવાર બન્યું કે ગાયો ચરાવતા- ચરાવતા થાક લાગેલો તેથી કૃષ્ણજી, બળદેવજી ને ગાયોની જાળવણીનું કામ સોંપીને સુઇ ગયા. બળદેવજી ગાયો ચરાવતા રહ્યા તેવામાં ઉપરવાસના કોઈ વરસાદને કારણે યમુનાજીમાં ઓચિંતું ઘોડાપુર આવ્યું.

બળદેવજીને ગાયો તણાઈ જવાનો ભય લાગ્યો. તેમણે હિંમત તો દાખવી- અક્કલ પણ દોડાવી. એક બાજુ ગાયો વેરવિખેર થઇ જવાનો ભય તો બીજી બાજુ ગાયોને બચાવવાની તાલાવેલી. સુતેલા કૃષ્ણજીની ખબર બાળભદ્રાજીને હતી. પંચજન્ય શંખ અને મોરલી એ કૃષ્ણજીના નાદતંત્રો.

પંચજન્ય શંખ વગાડવાની અમુક ઋચાઓ યજુર્વેદમાં આપેલ છે. એ ઋચાઓનો જ્ઞાતા અમુક રીતે શંખ વગાડે તો એના ધ્વનિ હવામાં દોલયમાં

બને ને એમાં જે સંદેશો હોય તે પવનદેવતા ચારે બાજુ પ્રસરાવી દે ને કળાનું એક પ્રકારનું બળ એમાં ઉમેરાય. યજુર્વેદની એક કળાના બળને હજાર હાથીના બળ જેટલું ગણ્યું છે. બળદેવજીના મનમાં એમ કે આ શંખ હું વગાડું તો ગાયોમાં બળ આવી જાય અને ગાયો સહી સલામત સ્થળે પહોંચી જાય. એ શંખ એમણે વગાડયો, પણ નવ ઋચાઓ સુધી શંખ વાગવો જોઈએ, એને બદલે સાત ઋચાઓ સુધી વાગ્યો ને અવાજ તૂટ્યો. પછી બીજા ટુકડે બે ઋચાઓ પુરી થઇ જે ગાયોને બચાવવા યમુનામાં નાખી તો ગાયોમાં ઋચાનું સંપૂર્ણ બળ પ્રગટ્યું નહિ ને દસ હજાર જેટલી ગાયો તણાઈને મૃત્યુ પામી. બાકીની ગાયો સુખરૂપે ઘરે પહોંચી. કહેવાય છે કે કૃષ્ણ બળદેવજી પાસે નવ લાખ ગાયો હતી. ભારે કોલાહોલ થઈ ગયો. જેથી કૃષ્ણ જાગ્યા, ત્યારે

બળદેવજી પાસે એક જ જવાબ હતો. શંખ તો વગાડયો પણ ક્યાંક ભૂલ થઇ ગઇ, એને કારણે આપણી કેટલીક ગાયો તણાઈને મૃત્યુ પામી.

ચાર પ્રકારના પાપમાંથી ગૌ હત્યાનું મહાપાપ કૃષ્ણ-બળદેવજીને લાગ્યું ને પરિણામે કૃષ્ણના શ્વેત શંખ અને બળદેવનું શ્વેત હળ શ્યામ થયા ને પાપનું કલંક એમને લાગ્યું (બ્રહ્મહત્યા, બાળહત્યા, સ્ત્રીહત્યા ને ગૌહત્યા). બંને ભાઈઓ પ્રાયશ્ચિત માટે પોતાના ગુરુજી ગંગમુનિને મળ્યા. ગંગમુનિએ જણાવ્યું કે સાત ઋચાઓ પછી જ્યાં ધ્વનિ તૂટ્યો ત્યાંથી તુરત જ ફરીથી નવ ઋચાઓ સુધી શંખ વગાડયો હોત તો આ પાપ ન લાગત.

ગૌહત્યાના પાપનું નિવારણ કશ્યપ મુનિએ લખેલું છે. તેમનો આશ્રમ તાપીને

કિનારે ઘોચણ પારડી પાસે છે. બંને ભાઈઓ ત્યાં પહોંચ્યા અને પાપનું નિવારણ પૂછ્યું. જેથી મુનિએ નિવારણ અને વિધિ બતાવી. ગાયના પગલાં તીર્થ સ્થાનમાં આવી અન્ન જળનો ત્યાગ કરી પ્રાયશ્ચિત માટે ધૂણી ધખાવી બેસી ગયા. આથી શ્યામ બનેલા શંખ અને હળ પાછા શ્વેત થઇ ગયા. તેથી તેમને આશા બંધાણી.

કૃષ્ણજીએ શંખ ફૂંક્યો ને એ નાદથી પ્રેરાઈને તાપી મૈયા હર્ષોલ્લાસ થઈ પ્રગટ થતાં એટલું જ કહ્યું - હું તમને તમારી દસ હજાર ગાયો હું સજીવન કરી આપું છું. દસ હજાર સજીવન થયેલી ગાયો લઈને ભગવાન કૃષ્ણજી, બળદેવજીએ પ્રાયશ્ચિત બતાવનાર ઋષિ કશ્યપ મુનિને દાનમાં આપી દીધી. મૃત ગાયો સજીવન થતાં ગૌહત્યાનું પાપ ટળ્યું.

ચૈત્રી પૂનમ, વૈશાખી પૂનમ અને આખો શ્રાવણ માસ અહીં અનેક યાત્રીઓની

અવરજવર હોય છે. આ મહાતીર્થમાં કરેલું પ્રાયશ્ચિત સફળ થાય છે. આવા મહાતીર્થોમાં ભગવાનના આશિષ ભૂખ્યા માનવીઓને ભગવાન ફળ આપે છે.

પણ એ ધ્યાન રાખવું જોઈએ કે એ ફળનો ભોગવટો આપણા એકલાથી ન થાય. સંસારી જીવો તરીકે મનસા-વાચા-કર્મણા--પાપ થઇ જાય. પ્રાયશ્ચિત કરતાં પાપોમાંથી મુક્ત બનીને એ ફળનો ભોગવટો વહેંચી દેવો પડે.

પૂ. રવિશંકર મહારાજ કહેતા કે દુઃખ વહેંચો, દુઃખ ઘટી જશે, સુખ વહેંચો, સુખ વધી જશે. આજ સાચો મહિમા તીર્થસ્થાનનો છે.

## "હું ગુલામ બનવા નથી ઈચ્છતો તેમજ હું માલિક બનવા નથી ઈચ્છતો"

**- ગુલામોના મુક્તિદાતા, અબ્રાહમ લિંકન**

અમેરિકાના કાળા હબસી ગુલામોના મુક્તિદાતા અમેરિકાના સોળમા પ્રમુખ અબ્રાહમ લિંકનનો જન્મ ફેબ્રુઆરી 12, 1809માં અમેરિકામાં લાકડાની એક નાનકડી કેબિનમાં થયો. શાળાનું શિક્ષણ ઘણું ઓછું મળ્યું પરંતુ દિવસે તેઓ ખેતર પર કામ કરતા અને રાત્રે વાંચતા. સુંદર વક્તૃત્વ, સમજાવટભરી વાદવિવાદ શક્તિ અને લોકો પ્રત્યેની અસીમ સ્નેહ-અનુકંપાને કારણે તેઓ વકીલ બન્યા. અમેરિકન સંસદ માટેની ચૂંટણીમાં ઉભા રહેલા લિંકને ગુલામી વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી અને એ જ મુદ્દા પર લડત ચલાવી અંતે તેઓ પ્રમુખ બન્યા.

ઉત્તર અને દક્ષિણ અમેરિકાને ગુલામીમુક્તિ માટે એક રહેવા-એક રાખવા તેઓ ખુબ મથ્યા. દક્ષિણ અમેરિકા જુદું પડયું. આંતરવિગ્રહ થયો, છેવટે ગુલામોની મુક્તિ માટે લડતા લિંકન જીત્યા.

એ સમયે એમનો દર્દભર્યો અવાજ હતો: 'કોઈના ય પ્રત્યે દ્વેષ વિના, સર્વ પ્રત્યે ઉદારતાથી ચાલો આપણે રાષ્ટ્રના ઝખમો રુઝવીયે.'

સદ્ભાવ, સ્નેહ અને ક્ષમા એ તેમનું ચારિત્ર હતું. આમ જનતા, સ્વાતંત્ર અને માનવીની સારપમાં તેમને શ્રધ્ધા હતી. તેઓ પોતાના વિચારો ઘરગથ્થું વાક્યપ્રયોગો મુકતા અને સામાન્ય માણસ સમજી શકે એમ તેઓ પોતાની વાત મુકતા. એપ્રિલ 14, 1865માં તેમની હત્યા થઈ.

સુવચન: નિશ્ચય કરો કે... નાના સાથે નાજુકાઈથી, ઘરડા સાથે કરુણાથી, મહેનત કરનારા સાથે સહાનુભૂતિથી અને નબળા-ખોટા સાથે સહનશીલતાથી વર્તશો. જિંદગીમાં ક્યારેક તો તમે એ બધાના જેવા હશો જ.

# II સ્ટ્રોક (Stroke) II

**સંકલન - આરતી ઠક્કર**

જ્યારે મગજમાં લોહીનો પ્રવાહ અવરોધિત થાય ત્યારે લોકોને સ્ટ્રોક આવે છે. લોહીના યોગ્ય પ્રવાહ વિના મગજને જરૂરી ઓક્સિજન મળતો નથી. ઓક્સિજન અને પોષક તત્વો વિના બધા કોષો મરી જાય છે. યુએસએમાં દર વર્ષે ૭,૯૫,૦૦૦ લોકોને સ્ટ્રોક થાય છે અને ૧૫૦,૦૦૦થી વધારે લોકો મૃત્યુ પામે છે. સ્ટ્રોકના ૨ પ્રકાર છે: ઇસ્કેમિક સ્ટ્રોક અને હેમરેજિક સ્ટ્રોક.

1) ઇસ્કેમિક સ્ટ્રોક લોહીના ગંઠાઇ જવાને કારણે થાય છે. જયારે મગજમાં લોહીનો પ્રવાહ પહોંચતો નથી ત્યારે દર એક મિનિટે લગભગ ૨ મિલિયન મગજના કોષો મરી જાય છે જે મગજમાં લોહીની વાહિનીઓને અવરોધે છે. લગભગ ૮૫ ટકા સ્ટ્રોક ઇસ્કેમિક હોય છે.

2) હેમરેજિક સ્ટ્રોક રક્ત વાહિનીને કારણે થાય છે જે મગજમાં તૂટી જાય છે.

જો કોઈ વ્યક્તિને સ્ટ્રોક આવી રહ્યો હોય, તે સમય તેને તાત્કાલિક ઈમર્જન્સીમાં હોસ્પિટલ પહોંચાડવો જોઈએ જેથી તેમને તબીબી સહાય મળે. ઈમર્જન્સી રૂમમાં, ડૉક્ટર તેમને IV દવા આપશે, અને મગજનું લોહી પાતળું કરવા માટે સારવાર આપશે. જે લોકો 3 કલાકની અંદર ઈમર્જન્સી રૂમમાં પહોંચે છે, તેમની સ્ટ્રોકથી બચવાની શક્યતા વધી જાય છે, સ્વસ્થ થવાની સંભાવનાને ખૂબ વધારે છે અને એમની રિકવરી પણ જલ્દી થાય છે.

સ્ટ્રોકનું જોખમ વધારનાર ઘણા પરિબળો છે જેમકે: હાઈ બ્લડ પ્રેશર, હાઈ કોલેસ્ટરોલ, ડાયાબિટીસ, ધૂમ્રપાન, પારિવારિક ઇતિહાસ અને બિનઆરોગ્યપ્રદ આહાર.

સ્ટ્રોક ની ચેતાવણી માટે પાંચ સંકેત છે:

- ચહેરા પર અને શરીરની એક બાજુ અચાનક નબળાઇ અથવા નિષ્ક્રિયતા આવે
- દર્દીને સમજવામાં અથવા બોલવામાં મુશ્કેલી પડે

- ચાલવામાં મુશ્કલી પડે, અસંતુલનતા લાગે અથવા ચક્કર આવે
- એક અથવા બંને આંખોમાં જોવામાં મુશ્કેલી પડે અને અસ્પષ્ટ દેખાય
- અચાનક માથાનો તીવ્ર દુઃખાવો

સ્ટ્રોકથી બચવા માટેનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે તંદુરસ્ત આહાર લેવો, નિયમિત કસરત કરવી અને ધૂમ્રપાન કરવાનું ટાળવું. બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ નિયંત્રણમાં છે તેની ખાતરી રાખવી. નિયમિત કસરત કરવાથી તમારું કોલેસ્ટરોલ ઓછું થશે અને બ્લડ પ્રેશર નિયંત્રણ માં રહેશે. દરરોજ ૩૦-૪૦ મિનિટ કસરત કરવી અથવા ચાલવું. આ બધું કરવાથી તમે તમારી સ્ટ્રોકની સંભાવના ઘણી ઘટાડી શકો છો.

**ફરી એક વાર ધ્યાન દોરું છું કે સ્ટ્રોક એ એક ગંભીર તબીબી કટોકટી છે.** જ્યારે સ્ટ્રોક આવે ત્યારે હોસ્પિટલમાં પોતાની જાતે વાહન ચલાવીને ના જશો, સીધો ૯૧૧ ઈમર્જન્સી એમ્બ્યુલન્સને ફોન કરજો. જેટલી ઝડપથી તમે ૯૧૧ પર ફોન કરશો, એટલી તમારી સલામતી વધશે અને એટલું રિકવરીનું પરિણામ સારું થશે. તાત્કાલિક સારવાર ના મળે તો પેરાલીસીસ થવાની પુરી શક્યતા છે. પેરાલીસીસ એ એવી અવસ્થા છે કે જેમાં દર્દી તો હેરાન થાય જ પણ સાથે સાથે પરિવાર પણ તકલીફમાં મુકાય છે **એટલે ૯૧૧ને ફોન કરવામાં એક પણ ક્ષણનો વિલંબ કરશો નહિ**.

## શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્લોક અનુવાદ

ऊर्ध्वं गच्छन्ति सत्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।

जधन्यगुणवृतिस्था अधो गच्छन्ति तामसाः ।। 14/18

સાત્વિકથી જ્ઞાન, રજોગુણથી મોહ અને તમોગુણથી પ્રમાદ, અજ્ઞાન થાય છે. સાત્વિકથી પુરુષ સ્વર્ગમાં, રાજસીથી મનુષ્યલોકમાં ને તામસીથી નર્કમાં જાય છે.

# જલારામ કૃપા

મારી પત્નિને ચક્કર આવતા હતા અને ગેસની તકલીફ થતી હતી તેના કારણે છાતીમાં દુઃખાવો થતો હતો. મેં. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને યાદ કર્યા અને પૂ. જલાબાપાને અંતરથી પ્રાર્થના કરી કે મારી પત્નિને આ બધી તકલીફો દૂર થઈ જશે તો શ્રી જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલાબાપા અને પૂ. સાંઈબાબાની કૃપાથી મારી પત્નિને સારું થઈ ગયું. પૂ. જલાબાપા અને પૂ. સાઈબાબાની કૃપા અપરંપાર છે.

મારી જોબની અંદર મારે એક મુશ્કેલીભર્યો પ્રશ્ન ઉકેલવાનો નિર્ણય લેવાનો થયો. મને કઈ રીતે નિર્ણય લેવો તેની ખબર નહોતી પડતી. મેં. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને યાદ કર્યા અને મેં પૂ. જલારામબાપાનો પરચો માન્યો કે મારુ આ કાર્ય સફળ થઈ જશે તો શ્રી જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલાબાપા અને પૂ. સાંઈબાબાની કૃપાથી મારુ કાર્ય સફળતાથી પતી ગયું. શ્રી જલારામ દર્પણમાં આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

મારા દીકરાને જોબની અંદર એક મુશ્કેલીભર્યો પ્રશ્ન ઉકેલવાનો નિર્ણય લેવાનો થયો. મેં. પૂ. જલારામબાપા અને પૂ. સાંઈબાબાને યાદ કર્યા અને મેં પૂ. જલારામબાપાનો પરચો માન્યો કે મારા દીકરાને આ કાર્ય સફળ થઈ જશે તો શ્રી જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ. જલાબાપા અને પૂ. સાંઈબાબાની કૃપાથી મારા દીકરાનું કાર્ય સફળતાથી પતી ગયું. શ્રી જલારામ દર્પણમાં આ પરચો છાપી મને માનતામાંથી ઋણમુક્ત કરશો.

પૂ. બાપા પર મને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. બાપા એ મારી દરેક મનોકામના પૂર્ણ કરી છે. દયાના સાગર પૂ. બાપા હાજર હજુર છે. મારા માથાના વાળ ઉતરતા હતા તો મેં બાપાનો પરચો છપાવવાની બાધા રાખી હતી. તો તેમની કૃપાથી હવે સારું થઈ ગયું છે. આવી રીતે બાપાએ અનેક વખત અરજીઓ સાંભળી છે.

અમને જલારામબાપા ઉપર ખુબજ વિશ્વાસ અને અતૂટ શ્રધ્ધા છે. પૂજ્ય

બાપાને સાચા દિલથી પ્રાર્થના કરેલી સફળ થાય છે. મારા દીકરાના લગ્ન સરસ અને શાંતિથી થાય તે માટે મેં માનતા રાખી હતી તે બાપાની કૃપા થી કોરોના ની મહામારી વચ્ચે પણ લગ્ન ખુબજ સારી રીતે કોઈને પણ નુકશાન થયા વગર શાંતિથી પૂર્ણ થયા. જલારામ બાપાને મારા કોટી કોટી વંદન.

પૂ. બાપા પર મને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે અને દિવસે દિવસે તેમાં વધારો થાય છે. મારી દરેક મુશ્કેલીના ટાઈમે બાપા જ આવીને મદદ કરે છે અને મારા સર્વે કાર્યો સફળ થાય છે. એ બદલ હું પૂજ્ય બાપાની જન્મોજન્મની ઋણી છું. મેં બાપાની એક માનતા માની હતી અને તેમાં સફળતા મળી છે.

- મધુના પ્રણામ

**તા.ક.**

આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

## " જલારામ દર્પણ ભેટ યોજના "

આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | |
|---|---|
| રાજેન્દ્ર અને શિલ્પા પટેલ | $ 101.00 |
| રામભરોસે | $ 33.00 |

# વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઈપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને  ભુપેન્દ્રભાઈનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ અથવા હસમુખભાઈનો ૮૪૭-૩૭૧-૧૦૯૮ પર સંપર્ક કરવા વિનંતિ છે

## નિયમિત કાર્યક્રમો

ભજન

દર ગુરુવારે : સાંજે ૬:૦૦-૭:૪૫

પ્રથમ તથા ત્રીજા રવિવારે :સાંજે ૫:૩૦-૭:૪૫

સુંદરકાંડ પાઠ

દર શનિવારે : સવારે ૯:૩૦-૧૧:૩૦

વિષ્ણુ અભિષેક

દર અગિયારસના દિવસે : સાંજે ૬:૦૦-૭:૦૦

શિવજી અભિષેક

દર સોમવારે : સાંજે ૬:૦૦-૭:૦૦

## : આરતીના સમય :

મંગળા આરતી - સવારે ૭:૩૦

શણગાર આરતી - સવારે ૯:૦૦

સંધ્યા આરતી - સાંજે ૭:૩૦

## : દર્શન સમય :

સવારે ૭:૦૦ થી બપોરે ૧૨:૩૦

બપોરે ૪:૦૦ થી રાત્રે ૮:૩૦

SHREE JALARAM MANDIR
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
www.shreejalarammandir.org

Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183

To,